# કચ્છના ઉદ્યોગો માતા-બાળકના આરોગ્ય પર ધ્યાન દેશે

ભુજ, તા. ૨૬ : ઔદ્યોગિક દૃષ્ટિએ ઝડપથી વિકસતા કચ્છમાં વહીવટી તંત્ર, ગુજરાત સી.એસ.આર. ઓથોરિટી, ફોકિયા, સિવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન તથા યુનિસેફ જેવી વિવિધ સંસ્થાઓ લોક કલ્યાણની પ્રવૃત્તિ કરે છે ત્યારે તમામનું સંકલન સાધવાના ઉદ્દેશથી 'એક સમાન વિકાસ માટે સી.એસ.આર. રોડ મેપ' વિષય પર વર્કશોપ યોજાયો હતો, જેમાં માતાના સ્વાસ્થ્ય અને બાળકના આરોગ્યને લગતા કાર્યક્રમ પર વ્યૂહ રચના ઘડાઇ હતી.

આ પ્રસંગે બોલતાં યુનિસેફ ઇન્ડિયાના ન્યુટ્રીશીયન નિષ્ણાત કવિતા શર્માએ જણાવ્યું કે, અમે દરિયાઇ વિસ્તારો માટે ખાસ કરીને માછીમાર સમુદાયો અને મીઠાના કામદારો માટે વ્યૂહાત્મક ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ અને આ સમુદાયના મહિલાઓ, બાળકો અને સમુદાયોના જીવનમાં બદલાવ કરવા માટે ધ્યાન કેન્દ્રિત અને વ્યૂહાત્મક રચના કરવાનો છે.

## ભુજમાં ફોકિયા અને યુનિસેફ આયોજિત વર્કશોપમાં વિવિધ ઉદ્યોગ જૂથે ચર્ચામાં વ્યૂહ ઘડ્યો

ફોકિયાના એમ.ડી. નિમિષ ફડકેએ સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે, સીએસઆરના પ્રયત્નોને યોગ્ય દિશામાં લઇ જવા જોઇએ અને ઉદ્યોગો, સમાજ, સરકાર અને એનજીઓ જેવા પ્રત્યેક હિસ્સેદારની ચોક્કસ ભૂમિકા ઓળખવી જોઇએ, તો કચ્છ નવનિર્માણ અભિયાનના લાલ રાંભિયા દ્વારા કચ્છના મીઠાના કામદારોને નડતી સમસ્યાઓ વિશે નિદર્શન કરાયું હતું. ભુજના ડો. હસમુખ ચૌહાણ દ્વારા માતા અને બાળકોના સ્વાસ્થ્ય અંગેનો પ્રોજેક્ટ અભિમન્યુ તથા આ લોકોના આરોગ્ય અને પોષણ સુવિધાઓથી વંચિત સમુદાયો સુધી કેવી રીતે પહોંચવું તેના પર રજૂઆત કરાઇ હતી.

કચ્છ માટે મહત્ત્વનો કહી શકાય એવો મીઠાના કામદારો અને માછીમાર સમુદાયના શિક્ષણ, પાણી, આવાસ, આરોગ્ય જેવી વિવિધ પ્રાથમિક જરૂરિયાત વિકસાવવા માટે ભાગીદારીના મુદ્દા પર જૂથ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સમુદાયો સુધી પહોંચવા માટે કોર્પોરેટ ઘરો દ્વારા પડકારોનો




ભુજમાં ફોકિયા અને યુનિસેફ આયોજિત વર્કશોપમાં વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ જોડાયા હતા તેની તસવીર

સામનો, ભાગીદારીનો વિસ્તાર કે જે નોંધપાત્ર પરિણામ લાવી શકે. ટકાઉ ભાગીદારી માટે એનજીઓ, કોર્પોરેટ અને સરકારની ભૂમિકા, વિવિધ ભાગીદારો સાથે ઉપલબ્ધ કુશળતાની મેપિંગ વગેરે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ગ્રુપ લીડર તરીકે રાજીવ તિવારી, ગુજરાત સીએસઆર ઓથોરિટી, કુ. પંક્તિ શાહ, સીએસઆર હેડ અદાણી ફાઉન્ડેશન, ધર્મેન્દ્ર, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર યુસુફ મહેરઅલી સેન્ટર, પ્રદીપ ઘોષલ, સીએસઆર હેડ સીજીપીએલ તાતા પાવર કંપનીએ કાર્યક્રમમાં પોતાના વિચાર દર્શાવ્યા હતા. ટેકનિકલ સપોર્ટ તથા માર્ગદર્શન યુનિસેફના અંકુશ સિંઘે આપેલ. વ્યવસ્થા યુનિસેફના કુમાર મનીશ, ફોકિયા વતી રાધિકા ઠક્કર તથા મેહુલ જોશી, સાવન, ભવ્યએ સંભાળી હતી.

વર્કશોપમાં ૬૦થી વધુ લોકોએ ભાગ લીધો, જેમાં કચ્છમાં સ્થાપિત ઉદ્યોગો જેવા કે અદાણી ગ્રુપ, વેલસ્પન ગ્રુપ, તાતા પાવર, એગ્રોસેલ, એન્કર ઇલેક્ટ્રીક્સ, આર્ચિયન કેમિકલ્સ, આશાપુરા ગ્રુપ, આરતી ઇન્ડસ્ટ્રીઝ, બુન્ગે, ક્રોમીની સ્ટીલ, એક્સેલ, લુઇસ અને ડ્રેફુસ, ઓપીજી, રત્નમની, રેણુકા સુગર, સાંઘી સિમેન્ટ, સોલારીસ, લેક્મે, ઇનોક્સ, ગેલેન્ટ, ઇલેક્ટ્રો થર્મ તથા એનજીઓ જેવી કે અભિયાન, એન્કરવાલા અહિંસાધામ, ખમીર, કેએમવીએસ, માનવજ્યોત, સેવાનિધિ, વાયએમસી વગેરેના પ્રતિનિધિનો સમાવેશ થાય છે.

Scanned by CamScanner